Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश

# JAIN DHARAMA PRAKASH.

પુસ્તક ૬ ઠું. અષાઢ શુદિ. ૧૫ સંવત. ૧૯૪૬ અંક. ૪ થો

मालिनी.

प्रशम रस निमग्नं, दृष्टियुग्मं प्रसन्नं;
वदन कमल मंकः कामिनी संग शून्यः
कर युगमपि यत्ते, शस्त्र संबंध वंध्यं
तदसि जगति देवो, वीतरागस्त्वमेव ॥ १ ॥

प्रगट कर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा
ભાવનગર.

अमदावादमां.
"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
શા૦ નથુભાઈ રતનચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.
શક ૧૮૧૨. સને ૧૮૯૦

મૂલ્ય વર્ષ ૧ નો રૂ૧-૦-૦ અગાઉથી પોસ્ટેજ રૂ૦-૩-૦ જુદુ
છુટક અંક એકના રૂ ૦-૨-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ |
|---|---|
| જીવ અને કર્મ. | ૪૯ |
| ધનપાલ પંડિતની કથા. | ૫૩ |
| જૈનધર્મોદય. | ૫૭ |


## ખાસ સૂચના.

જ્ઞાનનું બહુ માન જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાનની આસાતનાથી જ્ઞનાવરણી કર્મ બંધાય છે માટે ચોપાનીઆને રખડતું ન મેલતાં ઊંચે આસને મુકવું અને આદ્યંત લક્ષપૂર્વક વાંચી યથાશક્તી ધર્મકાર્યમાં પ્રવર્તવું.

---


સર્વે જૈનધર્મી ભાઇઓને અવશ્ય ખરીદ કરવા લાયક

## ચરિતાવળી.

અથવા

## જૈન કથા સંગ્રહ.

સુંદર, રસીક અને બોધદાયક દશથી પંદર વાર્તાઓનો સમુહ આ ચોપડીમાં છાપવામાં આવશે. એ સઘળી કથાઓ એવી સારી રીતે લખવામાં આવશે કે તે વાંચી દરેક વાંચનાર આનંદ પામવા સાથે બોધ પ્રાપ્ત કરશે. એ ચોપડી લગભગ ચોપાનીઆ જેવડા કદની આશરે ૩૭૫ પાનાની થશે તે સાથે સુંદર અને મજબુત પાકાં પુંઠાથી બંધાવવામાં આવશે જૈનોને માટે આવી એક પણ ચોપડી નથી.

અગાઉથી પૈસા મોકલી નામ નોંધાવનારે કિંમતનો રૂ ૧ા મોકલવો પાછળથી કિંમત વધારે રાખવામાં આવશે. માટે યાદ રાખવું કે, નહી ગ્રાહક થનાર પસ્તાશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री
# जैनधर्म प्रकाश.

## JAIN DHRMA PRAKASH.

દોહરો.

ઘંટા નાદ વગાડતાં, ખરરર થાય આકાશ;
તેમ ભૂતળ ગર્જાવતું, પ્રગટયું જૈનપ્રકાશ. ૧

પુસ્તક ૬ ઠું. શક ૧૮૧૨. અશાડ શુદિ ૧૫. વીર સંવત ૨૪૧૬ અંક ૪ થો.

श्री जैनधर्मो जयतितराम्.

## जीव अने कर्म.

(લખનાર મુનિમહારાજ શ્રી શાંતિવિજયજી.)

કર્મ મુખ્યત્વે કરી આઠ પ્રકારના છે તેમાં સર્વ કરતાં વધારે દુઃખનું કારણ મોહ કર્મ છે.

સમીક્ષક—કર્મ જડ કે ચેતન?

ઉત્તર—કર્મ જડ હોય છે અને આત્માના શુભાશુભ અધ્યવસાયથી આત્માની સાથે અનાદિ કાળથી લોલીભૂત થયેલા છે. જેમ કોઇ પુરૂષના શરિર ઉપર તેલનું વિલેપન કરી તેને નગરમાં ફેરવીએ અને તેને શરિરે જેમ સૂક્ષ્મરજ વિગેરે ચોંટી લોલીભૂત થઈ જાય છે તેમ જીવને રાગદ્વેષરૂપી પ્રણામની ચીકાશને યોગે કર્મરજ સંપ્રાપ્ત થાય છે અને આત્મા સાથે એકીભૂત થઈ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમીક્ષક—મોહ કર્મનું સ્વરૂપ શું?

ઉત્તર—મોહ કર્મનું સ્વરૂપ ટુંકામાં એ છે કે-તેના યોગથી જીવ મુંઝાય છે અને હેયોપાદેયનું સ્વરૂપ જાણતો નથી. વિષય વિકારના સાધનો વિગેરે જે જે પદાર્થો વિષવલ્લી સમાન છે તે તે પદાર્થો મોહકર્મથી મોહિત થયેલો મનુષ્ય અમૃત સમાન જાણીને સેવે છે. ક્રોધ અને માન કરવું ક્ષતિકારક છે એમ જાણ્યા છતાં પણ મોહકર્મના ઉદયથી મુંઝાઈને ક્રોધ માન કરેછે, રૂદન કરે છે, આર્ત્તધ્યાન કરે છે, અને વિવેક વિકળ થઈ જાય છે. મોહકર્મની વિજ્રંભના અપૂર્વ છે.

સમીક્ષક—અરૂપી આત્માને રૂપીકર્મ વિહ્વળ કેમ કરી શકે?

ઉત્તર—જેમ રૂપી મદીરાપાન આત્માના અરૂપી જ્ઞાન ગુણને આચ્છાદિત કરી વિહ્વળ કરી નાંખેછે તેમ અરૂપી આત્માને રૂપીકર્મ વિહ્વળ કરી શકે છે.

સમીક્ષક—અરૂપી દ્રવ્ય રૂપી દ્રવ્યનું ભાજન કેમ થઈ શકે?

ઉત્તર—જેમ અરૂપી આકાશ રૂપી પુદ્ગળ આદિ દ્રવ્યોનું ભાજન (આધારરૂપ) છે તેમ અરૂપી આત્મા પણ રૂપી કર્મના યોગથી આધારરૂપ અર્થાત્ ભાજનરૂપ થઈ શકે છે. સારાંશ એ કે રૂપી કર્મ અરૂપી આત્માને લાગી શકે છે.

સમીક્ષક—જીવ પહેલાં કે કર્મ પહેલાં?

ઉત્તર—જીવ અને કર્મમાં કોઈ પહેલું નથી અને કોઈ પાછળ નથી અર્થાત્ અનાદિથી સ્વભાવે મળેલાં છે.

સમીક્ષક—આત્માને પહેલાં માનીએ અને કર્મને પાછળથી ઉત્પન્ન થયેલાં માનીએ તો શું હાની?

ઉત્તર—આત્માને પહેલાં નિર્મળ માની કર્મને પાછળથી જીવને લાગ્યા એમ માનવામાં બહુ ક્ષતિ છે કેમકે નિર્મળ આત્માને શા હેતુથી કર્મ લાગ્યાં? કહેશો કે સ્વભાવે કરી. તો આપણને તપજપ નિયમ કરી નિર્મળ થઈ મુક્ત થયા પછી પણ શા માટે ફરીને કર્મ નહીં લાગે? અને મુક્ત થયા પછી પણ જો કર્મ લાગતાં હોય તો તપજપ નિયમ કરવા વ્યર્થ થઈ જાય.

સમીક્ષક—કર્મ પહેલાં અને આત્મા પાછળથી ઉત્પન્ન થયો ગણીએ તો?

ઉત્તર—આત્મા પાછળથી ઉત્પન્ન થયેલો માની કર્મને પ્રથમ માનીયે તોપણ ઠીક નથી. કેમકે જ્યારે આત્મા પ્રથમ નહોતો તો કર્મ કોણે

For Private And Personal Use Only

ક્ર ' क्रियते इति कर्म અર્થાત્ કરીએ તે કર્મ કહેવાય. આત્મા વિના કર્મ કોણે કર્યાં અને કોને આધારે રહ્યાં? સબબ એમ માનવું વાસ્તવીક નથી.

સમીક્ષક—આત્મા અને કર્મ એક સાથે ઉત્પન્ન થયાં માનીએ તો?

ઉત્તર—તોપણ દૂષણ આવે છે કેમકે જો બંને વસ્તુ એક સાથે ઉત્પન્ન થઈ હોય તેમાં એક બીજાને ઉત્પાદકપણું સિદ્ધ થઈ શકે નહીં. માટે આત્મા અને કર્મ એ બંને અનાદિ કાળથી સ્વભાવે કરીને મળેલા સમજો જે જીવો સર્વજ્ઞ ભગવાનના શાસનનો ઉપદેશ શ્રવણ કરી તપજપ કરે છે તેઓ કાળાંતરે મુક્ત થઈ શકે છે. મુક્ત થયા પછી કર્મલેપ લાગી શકતો નથી અને ફરી સંસારમાં અવતરવુ પણ થતું નથી. જ્યાં સુધી કર્મ સંબંધ રહ્યો છે ત્યાં સુધીજ સંસાર ભ્રમણ છે.

સમીક્ષક—આત્મા શાસ્ત્રદ્વારા શ્રવણ કરે છે અને જાણે છે કે પાપ કરવું ખોટું છે. ફેર જાણીબુઝીને શામાટે પાપ કરે છે?

ઉત્તર—કર્મ ઉદય એવો બળીષ્ટ છે કે આત્માને મુંઝાવી દઈ જોરાજોરીથી જોડાવી દે છે અને જોડાવ્યા બાદ આત્મા લાચારીથી કર્મ આધીન થયો થકો નિવર્ત્ત થઈ શકતો નથી.

સમકિત ધારી વિવેકવાન આત્મા પાપ કરતી વખત અંતરંગથી ન્યારાપણું સમજે છે અને ભવનો ભય રાખી પાપમાં લાચારીથી પ્રવર્ત્તમાન થાય છે એટલે તેને કર્મનો બંધ શિથિલ પડે છે. અને મિથ્યાત્વી અર્થાત્ ધર્મ શું અને પરલોક શું? તેની જેને તાત્વિક રીતે ખબર નથી તેમ ભવનો જેને ભય નથી તેવો વિવેક હીન આત્મા પાપ કરતી વખત અત્યંત આસક્તતા ધરાવે છે તેથી તેને કર્મનો બંધ દ્રઢ પડે છે. સારાંશ એ સમજો કે સમ્યક્ત ધારી વિવેકવાન આત્મા પાપને પહેલાં અને પાછળ બંને વખત માઠું સમજે છે અને મિથ્યાદષ્ટી આત્મા પાપને પ્રથમ, મધ્યમ અને અંતે ત્રણે જગ્યાએ માઠું સમજતો નથી. પાપ કરતાં પહેલાં જે એમ વિચારે છે કે આ અનુચિત કાર્ય કરવું વીતરાગોએ માઠું કહ્યું છે માટે આપણે કરવું ન જોઈએ. કર્મોદયથી કદાપિ થઈ ગયું તો પાછળથી પસ્તાવો કરે છે કે આ આપણે માઠું કર્યું. એ ખરેખરા સમકિતના ચિન્હ છે અને એજ હેતુથી સમકિત ધારીઓની શિઘ્ર મુક્તિ કહી છે. સમકિત ધારી આત્મા ભોગની વખત યોગ યાદ કરે છે અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય આત્મા યોગની વખત ભોગ યાદ કરે છે. સમકિત ધારી જીવ પાપકર્મ કરતાં ભવનો ભય રાખી અંતરંગથી આરાટ રાખે છે અને અન્ય જીવ પાપકર્મ રાચીમાચીને નિધ્વંસ ભાવથી કરે છે મિથ્યા દૃષ્ટિ જીવ કુંટુંબ પરિવારને અંતરંગથી આપણું સમજે છે અને સમકિત ધારી ન્યારૂં સમજે છે. કહ્યું છે કે—

> સમકિતધારી જીવડા, કરે કુટુંબ પ્રતિપાળ;
> અંતર ઘટ ન્યારા રહે, જ્યું ધાવ ખેલાવે બાળ. ૧

સમીક્ષક—પાપ કરીને પાછળથી પરતાવો કરીએ તો કરેલું પાપ છુટી શકે છે?

ઉત્તર—પસ્તાવો બે પ્રકારનો છે. એક ખરા દીલથી અને બીજો ઉપરથી. જે ખરા દિલનો પસ્તાવો છે તેથી બેશક કરેલું પાપ છુટી શકે છે અને ઉપરથી લોકને દેખાડવાનો પસ્તાવો કરવાથી પાપ છુટી શકતું નથી.

સમીક્ષક—મનથી કરેલું પાપ કાયાથી ભોગવવું પડે કે નહીં? તેમજ વચનથી કરેલું પાપ પણ કાયાથી ભોગવવું પડે કિંવા નહીં?

ઉત્તર—મનથી કરેલું તેમજ વચનથી કરેલું પાપ જો આલોયું પ્રતિક્રમ્યું ન હોય તો કાયાથી ભોગવવું પડે છે.

આચાર્ય શ્રીમદ્ રત્નશેખર સૂરિએ શ્રાદ્ધ વિધિ ગ્રંથમાં કહ્યું છે.—

### अनुष्टुप्वृत्तम्.

> वाङ्मात्रेणार्ज्यतेपापं मनोमात्रेणवापियत् ।
> तदपिह्यप्रतिक्रांतं कायनेवानुभूयते ॥ १ ॥

સમીક્ષક—આ જન્મનું કરેલું પાપ અને આ જન્મનું કરેલું પુન્ય આ જન્મમાં પણ ઉદય આવી શકે છે?

ઉત્તર—ઉત્કૃષ્ટ પાપ કે ઉત્કૃષ્ટ પુન્ય આ જન્મમાં પણ ઉદય આવી શકે છે.

સમીક્ષક—કાયાએ કરેલું પાપ કાયાએ ભોગવવું જ પડે કે નહીં?

ઉત્તર—કાયાએ પાપ કરતી વખત મનના તીવ્ર અધ્યવસાય અર્થાત્ મનના તીવ્રભાવ જો સાથે જોડાયેલા હોય તો તે પાપથી પડેલો નિકાચિત કર્મ બંધ કાયાએ ભોગવવો પડે અને જો મનનાભાવ ન જોડાયા હોય તો

For Private And Personal Use Only

પડેલો શિથિળ કર્મ બંધ તપજપ નિયમથી નાશ પણ થઈ શકે છે. એ-ટલે તે કાયાએ ભોગવવું ન પડે.

સમીક્ષક—કર્મ વિમુક્ત ઈશ્વર એક છે કે અનેક ?

ઉત્તર—જો સામાન્યની અપેક્ષા વિચારીએ તો સર્વ મુક્ત થયેલા આત્મામાં આત્મત્વપણું એક છે એટલે ઈશ્વર એક પણ કહી શકાય છે અને તેજ મુક્ત થયેલા જુદા જુદા આત્માઓમાં પોતપોતાનું જ્ઞાન, દર્શન અને ચા-રિત્રપણું ન્યારૂં ન્યારૂં હોવાથી અથવા સર્વના આત્મા ન્યારા હોવાથી ઈ-શ્વર અનેક પણ છે.

સમીક્ષક—કેટલાક મતાવલંબીઓ ઈશ્વરએકજ કહે છે તે કેમ ?

ઉત્તર—જો ઈશ્વર એટલે કર્મથી નિર્મુક્ત થયેલ આત્માએકજ હોય તો તપ નિયમ કરવા વ્યર્થ થઈ જાય. કારણ કે તપ નિયમ જીવો એટ-લાજ માટે કરે છે કે આપણે પણ કર્મથી નિર્મુક્ત થઈ સિદ્ધ અર્થાત્ ઈશ્વર સદૃશ થઈએ. જો તપ નિયમથી પણ ઈશ્વર સદૃશ ન થવાતું હોય તો પછી સર્વ ક્રિયાકાંડ જે જે સિદ્ધાંતોમાં કરવા કહ્યા છે તે તે સિદ્ધાં-તોને વ્યર્થાપત્તિ આવે. માટે માનો કે જે જે જીવો તપ નિયમ કરશે તે તે પોતાના આત્માને નિર્મળ કરી ઈશ્વર સદૃશ થશે. તથાસ્તુ.

# धनपाल पंडित कथा.

અવંતી નગરીને વિષે ભોજરાજા રાજ્ય કરે છે. તેજ નગરીમાં સ-ર્વેશ્વર નામે પુરોહિત છે તેને ધનપાળ અને શોભન એ નામના બે પુત્ર છે તેઓ પાંડિત્યાદિ ગુણયુક્તપણાથી રાજાના બહુ માનનીય થ-યેલા છે. એકદા તે નગરીને વિષે સિદ્ધસેન આચાર્યના સંતાનીય શ્રીસુસ્થિત આચાર્ય અથવા ગ્રંથાંતરનામ તે શ્રી ઉદ્યોતન સૂરિના શિષ્ય શ્રી વર્દ્ધમાન સૂરિ બહુ ભવ્યજીવોને પ્રતિબોધ કરવા નિમિત્તે પધાર્યા. તે સમયે સર્વ-ધરને ઉપાશ્રયે જવા આવવાથી ગુરૂ મહારાજાની સાથે પ્રીતિ ઉત્પન્ન થઈ. એક દિવસ તેણે ગુરૂમહારાજાને પુછ્યું—હે સ્વામિન્ મારા ગૃહના આં-ગણાની ભૂમિનેવિષે કોટિ દ્રવ્ય સ્થાપન કરેલું છે પરંતુ ઘણી શોધ કરવા છતાં તેનો પત્તો મળતો નથી માટે કોઈ પ્રકારે દ્રવ્ય પ્રાપ્ત થાય? ગુરૂ મહારા

જ કાંઈક હસીને બોલ્યા 'કદાપિ પ્રાપ્ત થાય તો તું શું કરે'? ત્યારે સર્વધર બોલ્યો 'હે સ્વામિન્ અર્ધ દ્રવ્ય આપું.' ગુરૂ મહારાજાએ તત્કાળ તેને ઘરે જઈને કોઈ પ્રયોગવડે તરતજ સર્વ દ્રવ્ય પ્રગટ કરી આપ્યું. સર્વધરે તરતજ તેના બે ભાગ કર્યા અને ગુરૂ મહારાજને કહ્યું કે સ્વામિન્ અર્ધ દ્રવ્ય ગ્રહણ કરો. ગુરૂએ કહ્યું 'હે સર્વધર! દ્રવ્યે કરીને અમારે કાંઈ પણ પ્રયોજન નથી. એ પ્રકારનું દ્રવ્ય તો છતું ત્યાગ કરીને અમે નીકળ્યા છીએ. ત્યારે વિપ્ર બોલ્યો કે 'જો તેમ હતું તો તમે અર્ધ દ્રવ્ય કેમ માગ્યું ?' ગુરૂ બોલ્યા હે વિપ્ર ! ગૃહના સારનું અર્ધ આપ.' તેણે કહ્યું 'મારા ઘરમાં આ શિવાય બીજું સાર ભૂત શું છે ? ગુરૂએ કહ્યું 'તારે સારભૂત એવા બે પુત્ર છે તેમાંથી એક આપ' આ પ્રમાણે સાંભળીને સર્વધર પુરોહિત વિષાદ પામ્યો છતો મૌન ધારણ કરતો હવો. ગુરૂ મહારાજા પણ અન્યત્ર વિહાર કરી જતા હવા.

હવે તે વિપ્ર ગુરૂમહારાજાના ઉપગારને સ્મરણ કરતો છતો તેનો પ્રત્યુપગાર ન કરી શકવાથી શલ્ય પીડિતની પેઠે કેટલોક કાળ નિર્ગમાવતો હવો. અનુક્રમે એકદા તેને મરણાંત વ્યાધિ આવ્યો તે પ્રસંગે તેના પુત્રો એ અંત્યાવસ્થાને યોગ્ય ધર્મક્રિયા કરીને પોતાના પિતાને કોઈ પ્રકારના મનના દુઃખે દુઃખિત જાણીને પુછ્યું. 'હે તાત, તમારા ચિત્તમાં જે હોય તે કહો.' ત્યારે પિતાએ સર્વ વૃત્તાંત પ્રથમનો નિવેદન કરીને કહ્યું. 'હે પુત્રો, તમારા બેમાંથી એકજણે ચારિત્ર ગ્રહણ કરીને મને અનૃણી કરવો' આ વચન સાંભળીને ધનપાળ તો ભય પામ્યો હોય તેમ નીચું જોઈને મૌન રહ્યો એટલે શોભન બોલ્યો 'હે પિતા! હું દિક્ષા ગ્રહણ કરીને તમને અનૃણી કરીશ તમારા દિલમાં તમે આનંદ ધારણ કરો.' આ પ્રમાણેના પુત્ર વચન સાંભળીને નિશ્ચિંત થયા પછી સર્વધર પુરોહિત પંચત્વ પામ્યો. તેની મૃતક્રિયા કરીને શોભને શ્રી વર્દ્ધમાન સૂરિના શિષ્ય શ્રી જિનેશ્વર સૂરિની પાસે દિક્ષાગ્રહણ કરી. ધનપાળ તેદિવસથી રૂષ્ટમાન થયો સતો જૈન ધર્મનો દ્વેષી બની ગયો. અને અવંતીને વિષે સાધુ મુનીરાજનો વિહાર પણ બંધ કરાવ્યો.

અવંતી નગરીના સંઘે મળીને શ્રીગુરૂ મહારાજની સમીપે પત્ર લખીને નિવેદન કર્યું કે—'હે સ્વામિન ! કદાપિ શોભનને દીક્ષા ન આપી હોત તો મૂચ્છ ઉત્પન્ન થઈ જાત કારણ કે [illegible] તો [illegible] કૃપામાં છે. શો-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભનને દીક્ષા આપવાથી તેનો ભાઈ ધનપાળ પુરોહિત મિથ્યામતિપણાથી રૂષ્ટમાન થયો સતો ઘણીજ ધર્મની હાની કરે છે.' આ પ્રમાણેનો વૃત્તાંત જાણીને આચાર્ય મહારાજે શોભનને ગીતાર્થ જાણી શુભદિવસે વાંચનાચાર્ય કરીને બે સાધુઓની સાથે ધનપાળ કૃત ઉપદ્રવની શાંતિને અર્થે ઉજ્જયની તરફ વિહાર કરાવ્યો.

શોભનાચાર્ય પણ ગુરૂની આજ્ઞાએ કરીને ત્યાંથી વિહાર કરી અનુક્રમે ઉજ્જયની આવ્યા. ત્યાં નગરના દરવાજા બંધ દેખીને રાત્રે નગરની બહાર રહ્યા. પ્રભાતે પ્રતિક્રમણ કરીને જેવા નગરમાં પ્રવેશ કરે છે તેવો ધનપાળ સામો મળ્યો. જૈનધર્મનો દ્વેષી એવો ધનપાળ શોભનાચાર્યને ન ઓળખવાથી આ પ્રમાણેનું હાંસી વચન બોલ્યો—**गर्दभदंत नमस्ते** આ પ્રમાણેનું વચન સાંભળીને શોભનાચાર્ય તેને ઓળખ્યા છતાં તેની ઉક્તિને યોગ્ય પ્રતિ વચન બોલ્યા--**कपिवृषणाय वयस्य सुखंते** આ પ્રમાણે સાંભળીને ધનપાળ બોલ્યો—**कुत्रभवेद् भवदीय निवासः** "તમારો નિવાસ ક્યાં છે?" શોભનાચાય કહ્યું—**यत्रभवेद् भवदीय निवासः** "જ્યાં તમારો નિવાસ છે (ત્યાંજ આમારો નિવાસ છે)" હવે ધનપાળે પોતાના ભાઈનું વચન ઓળખ્યું એટલે લજ્જિત થયો સતો કાંઈક નગરની બહાર ગયો અને શોભનાચાર્યે નગરમાં પ્રવેશ કર્યો.

શોભનાચાર્યે નગરમાં પ્રવેશ કરી પ્રત્યેક જિન ચૈત્યે જિનવંદન કરીને જેવા ચૈત્યની બહાર આવ્યા કે તરત સમસ્ત સંઘ એકત્ર મળીને ત્યાં આવ્યો અને ગુરૂ મહારાજના ચરણકમળ પ્રત્યે નમસ્કાર કરીને આગળ બેઠો. તે સમયે શોભનાચાર્યે શોભન વાણી વડે કરીને ધર્મ દેશના દીધી. પછી સર્વ સંઘની સાથે પોતાના ભાઈ ધનપાળને ઘરે આવ્યા. તેણે પણ સન્મુખ આવીને પરમ વિનયવડે નમસ્કાર કર્યો અને ઉતરવાને માટે સુશોભિત એવી ચિત્રશાળી આપી. માતા અને સ્ત્રીની પાસે ધનપાળ ભોજન સામગ્રી તૈયાર કરાવવા લાગ્યો એટલે શોભનાચાર્યે તેને વાર્યો કે આધાકર્મી (પોતાને અર્થે કરેલો) આહાર સાધુને ખપે નહીં.

પછી શોભનાચાર્યની આજ્ઞા વડે બીજા સાધુ શ્રદ્ધાળુ શ્રાવકને ત્યાંથી આહાર વહોરવા ચાલ્યા એટલે ધનપાળ પણ સાથે ચાલ્યો. તે અવસરે કોઈ શ્રદ્ધાળુ શ્રાવકને ઘરે આહાર વહોરતાં કોઈ શ્રાવીકાએ મુનિને વહોરાવવા માટે દધિનું પાત્ર પાસે મુક્યું. સાધુએ પુછ્યું કે આ દધિ શુદ્ધ છે?" તેણે કહ્યું "ત્રણ દિવસનું છે" મુનિએ કહ્યું "ત્યારે અયોગ્ય છે કારણ કે ત્રણ દિવસનું દહીં જિનાગમમાં [illegible] અભક્ષ કહ્યું છે" [illegible] સાંભ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ળીને ધનપાળે પુછ્યું "આ દહીં અયોગ્ય કહોછો તેનું કારણ શું ?" મુ-
નિએ કહ્યું કે "એ સબંધી તમારા ભ્રાતાને પુછો." તરતજ ધનપાળે દધિ-
નું ભાજન ગ્રહણ કરી શોભનાચાર્ય સમિપે લઈ જઈને પુછ્યું "આ દહીં
અશુદ્ધ હોવાનું શું કારણ છે? લોકોને વિષે તો દધિ અમૃત તૂલ્ય કહેવા-
ય છે. માટે જો આ દધિને વિષે તમે જીવ દેખાડો તો હું પણ શ્રાવક
થાઉં. નહીં તો હું જાણુંછું કે તમે ફોગટજ લોકોને ઠગોછો." આ પ્રમા-
ણેનું ભાઈનું વચન સાંભળીને શોભનાચાર્યે બોલ્યા કે---"હું એ દધિને વિ-
ષે જીવ દેખાડી આપીશ પણ તમારે તમારૂં વચન બરાબર પાળવું." ધ-
નપાળે તે વાત કબુલ કરી એટલે આચાર્યે અળતો મંગાવ્યો અને તે દ-
ધિના ભાજનનું મુખ બરાબર બંધ કરી એક છિદ્ર કરાવીને તે ભાજનના
છિદ્રની ફરતો અળતો ચોપડયો અને તે ભાજન એક ક્ષણમાત્ર તડકે મુ-
કયું એટલે તે દધિના ભાજનમાં કરેલા છિદ્રમાંથી નીકળીને અળતા ઉપર આ-
વી રહેતા દધિ સદ્રશ ઉજ્વળ રંગના અનેક જંતુઓ પોતે જોઈને ધન-
પાળને બતાવ્યા. ધનપાળ પણ તે ચાલતા જંતુઓને જોઇને મનમાં વિ-
સ્મય પામ્યો સતો "આ જગત્રમાં જૈનધર્મને ધન્ય છે" એમ વારંવાર બો-
લવા લાગ્યો તેજ વખતે તેના ચિત્તને વિષે તત્વ રૂચિરૂપ સમ્યક્ત્વ પ્રગ-
ટ થયું. એટલે ગુરૂ મહારાજની પાસે તરતજ સમ્યક્ત્વ મૂળ બારવ્રત
અંગીકાર કર્યાં અને પોતાના હૃદયને વિષે દેવ અરિહંત, ગુરૂ સુસાધુ
અને ધર્મ શ્રીજિનેંદ્ર ભાષિત એ પ્રમાણે પ્રમાણ કરતો સતો તેમજ કેવળ
પંચપરમેષ્ટિનું ધ્યાન ધ્યાતો સતો પરમ શ્રાવક થયો ત્યારથી બીજા ધર્મને
ચિત્તમાં પણ ન ધારણ કરતો હવો. શોભનાચાર્યે પણ એ પ્રમાણે પોતા-
ના ભાઈને પ્રતિબોધ પમાડીને ગુરૂ મહારાજા સમિપે જવા વિહાર કર્યો.

હવે ધનપાળ પણ છ યતનાએ કરીને યતના કરતો સતો સુખે કરીને
સમ્યક્ત્વાદિક ધર્મની આરાધના કરવા લાગ્યો. તેવા અવસરને વિષે કોઈ
દુષ્ટ વિપ્રે જઈને ભોજરાજા પ્રત્યે કહ્યું---કે "હે નૃપતિ ! તમારો પુરોહિત
ધનપાળ જિન શિવાય બીજા કોઈ દેવને નમસ્કાર કરતો નથી" રાજાએ
કહ્યું---જો એમ હશે તો હું તેની પરીક્ષા કરીશ" એકદા રાજા મહાકાળને
દેરે દર્શન કરવા માટે પરિકર સહિત જતો હવો ત્યાં રાજાએ મહાકાળને
નમસ્કાર કર્યો પરંતુ ધનપાળે તેને નમસ્કાર ન કરતાં પોતાની મુદ્રિકાને
વિષે સ્થિત એવાં જિનબિંબનેજ નમસ્કાર કર્યો. એ વાત ભોજરાજાએ
જાણી એટલે પોતાને રાજમહેલે આવીને ધૂપ પુષ્પાદિ પૂજા સામગ્રી મં-
ગાવી અને ધનપાળને આદેશ કર્યો કે–"હે ધનપાળ, દેવપૂજા કરીને શિ-
ઘ્ર પાછો આવ." ધનપાળ તરતજ ઉભો થયો અને પૂજા સામગ્રી ગ્રહણ
કરીને દેવપૂજા કરવા ચાલ્યો. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनधर्मोदय.

વાંચનારને વિદિત છે કે હમણાં કેટલીક મુદત થયા લીંબડીથી ઢુંઢીઆ પંથનું 'જૈનધર્મોદય' નામે માસીકપત્ર નીકળે છે. ઢુંઢકમત જૈનશાસ્ત્રથી વિપરીત છે એતો સર્વમાન્ય વાત છે; તેથી તેઓને હિતશિક્ષા તરીકે આ ચોપાનીયાના ગયા વર્ષના ૭ મા અંકમાં થોડું વિવેચન કરવામાં આવ્યું હતું. પરંતુ તે લખાણ તેઓને રૂચિકર ન થતાં દુર્જનને આપેલી શિક્ષા જેમ ગુણને બદલે દોષરૂપે પ્રગટે તેમ થયું. અને તેથી તેઓએ પોતાના માગશર માસના અંકમાં અસત્ય બાબતોએ યુક્ત દ્વેષ પ્રેરિત કેટલુંએક લખાણ કર્યું. તેઓના એ લખાણનો ઉત્તર આપવા અમારો વિચાર ન હતો, કારણ કે તેઓને (ઢુંઢીઆઓને) શિક્ષા અર્થે ઘણા ગ્રંથો પ્રસિદ્ધ થયેલા છે; ઘણા ભવભીરૂ પુરૂષો સમજીને સુમાર્ગ ગ્રહણ પણ કરે છે; જેઓને ગાઢ મિથ્યાત્વનો ઉદય હોય છે તેઓને અર્થે ગમે તેટલા પ્રયત્નો કરીએ પણ તે નિષ્ફળજ થાય છે; સુજ્ઞ અને સુલભબોધી હશે તે સ્વયમેવ સમજશે એમ ધારી તે સંબંધે મૌન રહેવા ધાર્યું હતું પણ કેટલાએક ગ્રાહકોએ તેના લખાણનો વાસ્તવિક ઉત્તર આપવા વારંવાર સુચના કરી તે ઉપરથી આ નીચેનો ઉત્તર પ્રસિદ્ધ કરવો પડ્યો છે.—

'તમે 'ધર્મોદય' સદ્બોધ પ્રગટ કરવા નિમિત્તે સૂત્રોક્ત ભાવ આકર્ષણ કરી પ્રગટ કરોછો' એ અસત્ય છે કારણ કે જેનામાં સદ્બોધ નથી તે બીજાને ક્યાંથી આપશે मुलं नास्तिकुतः शाखा! વળી સૂત્રથી તમે વિરૂદ્ધ વર્ત્તનારા છો એવું અનેક રીતે સાબીત થઇ ચુક્યું છે તેથી તમારૂં સર્વ લખાણ જૈનસિદ્ધાંતથી વિપરીત હોય છે. પૃષ્ટ ૬૯ મે લખેલો શ્લોક તથા કૃષ્ણવાસુદેવ સંબંધી વર્ણન તમારા માનેલા બત્રીશ સૂત્રોમાં છેજ નહી માટે એ તમારૂં સ્વકપોળ કલ્પિત લખવું તમનેજ બાધ કર્ત્તા છે.

૭૦ મા પૃષ્ટ ઉપર લખેલી સંસ્કૃત લીટીઓ અશુદ્ધ અને શાસ્ત્રથી વિરૂદ્ધ છે. તપા નામ વિષે જે લખ્યું છે તે તમારી નિરંતર મૃષા બોલવાની ટેવ તથા દ્વેષી સ્વભાવ સુચવે છે. કારણકે તપાગચ્છ એ સુધર્મા સ્વામીથી અવિચ્છિન્ન ચાલ્યો આવતો માર્ગ છે. ગુણ નિષ્પન્નતાએ એ ગચ્છના જૂદા જૂદા નામ પડેલા છે.શ્રી જગચ્ચંદ્ર સૂરિએ જાવજીવ આચામ્લતપ કર્યો હતો તે ઉપરથી રાણાએ તપસ્વી (તપા) ગચ્છ એ નામ

For Private And Personal Use Only

સ્થાપન કર્યું છે?* આવો લેખ ઘણા ગ્રંથોમાં મોજુદ છે છતાં કોઈપણ વિદ્વાન પુરૂષના માનવામાં ન આવે એવા ખોટા અર્થ કરી હોય ભાવથી હોય તેથી વિરૂદ્ધ હકીકત લખવી એ પોતાની મૂર્ખાઈ પ્રગટ થવાનું કારણ છે. આચારાદિ ગુણથી ભ્રષ્ટ કોણ કહેવાય છે એ વાત કાંઈ લખ્યાથી સિદ્ધ થવાની નથી. દુનીઆ આરાસો છે અને તેથી સર્વે વાત તાદૃશ સૌના જાણવામાં આવી જાય છે. કવિ દલપતરામે વેનચરિત્રમાં લખેલી લીંટીઓ ‡ તથા બીજા ઘણા શોધકોના લખાણ એ વાતની સાક્ષી પુરે છે.

'હિંસાથી ગર્ભિત ધર્મની પરૂપણા કરણહાર, તથા તે ધર્મના ઉપદંભના દેવણહાર, તથા તે કૃત્યમાં પ્રવર્તણહાર તે સર્વે સ્વછંદ કલ્પિત ધર્મનુયાયી છે' આવું લખી બડા ધાર્મિક થઈ જવાનો આડંબર ધારણ કર્યો છે પણ શબ્દ માત્રથી ધર્મ ધર્મ પોકારી તેથી વિરૂદ્ધ રસ્તે વર્ત્તવાથી ધાર્મીક થઈ જવાતું નથી. કારણ કે 'તમારા ચોપાનીયાના ૫ મા અંકના પુંઠા ઉપર ખુશખબર એ મથાળા નીચે લખ્યું છે કે 'પુજ્ય શ્રી દીપચંદજી સ્વામીએ ઓણ સાલ લીંબડી ચોમાસુ કર્યું. દેશ પરદેશથી ઘણા શ્રાવક મુનિશ્રીને વાંદવા માટે આવતા હતા. હમણા શ્રી માંડવીવાળા દોસી ભગવાનજી નથુભાઈની પવિત્ર પત્નિ સંતોકબાઈએ સંઘ કાઢી મુદ્રામાં લાલજી સ્વામીના, મોરબીમાં જીવણજી સ્વામીના દર્શન કરી લીંબડીએ દીપચંદજી સ્વામીના દર્શન કરી અમુલ્ય લાભ લીધો છે. અહીંથી વઢવાણ કાંપમાં સાધુશ્રીના દર્શન કરી શ્રીનગર દેવચંદજી સ્વામીના દર્શન કરવા ગયા છે વિગેરે–' ઉપર પ્રમાણે સંતોકબાઈ વિષે જે હકીકત અને મહિમા તમે લખ્યો છે તે શું વિચારી લખ્યો છે? તમારા મત પ્રમાણે તો એ પ્રમાણે સંતોકબાઈએ સંઘ કાઢવાથી મહા પાપ બાંધ્યું છે છતાં તમે તેના તેવા કાર્યની અનુમોદના કરોછો એ પોતેજ પોતાના પગ ઉપર કુવાડો માર્યા જેવું કરો છો. વળી આશ્ચર્યની વાત છે કે તમારા તે તે સાધુઓ જેઓ દયાનું સ્વરૂપ જાણ્યા વગર દયા દયા પોકારી રહ્યા છે તેણે પણ એ બાઈને હિંસાની ક્રિયા કરતા અટકાવી નહીં. આ ઉપરથી અમે તો એમજ સમજીએ છીએ કે એ બાઈએ જે કાર્ય કર્યું તેમાં તમારા સ્વામીએ કાંઈ લાભ જાણ્યો હશે. કારણ કે લાભ જાણ્યા વગર એવી ક્રિયા તેઓ જો કરવા દેતો તે પાપના ભાગીદાર પણ તેઓ થાય.

તેવીજ રીતે તમારા (૧૧) મા અંકમાં 'દિક્ષા ઓચ્છવ' એ મથાળા નીચે લીંબડી તથા લાકડીયાના ખબર વિસ્તારથી લખ્યા છે. એમાં પણ તમે દિક્ષા લેનારના મ્હોટા આડંબરથી ચઢાવેલ ફુલેકાં સંબંધી વખાણ લખો છો, અનુમોદના કરો છો વિગેરે ઘણી બાબત લખી છે. વિચારો કે તેવી રીતે ફુલેકા વિગેરે ચડાવવાથી કેટલી હિંસા થઈ હશે? તમે વળી તે-

* જુઓ જૈન ધર્મ પ્રકાશ પુ. ૩ જાનું પૃષ્ટ ૩૭. ‡ જુઓ પુ. ૨ જા નું પૃષ્ટ ૧૦૭.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વા કાર્યની અનુમોદના કરો છો તે ઉપરથી ન્યાયી જનો તો પ્રત્યક્ષ સમજે છે કે મતકદાગ્રહથી તમારૂં બોલવું જુદા પ્રકારનું થાય છે અને વર્તણુક જુદા પ્રકારની હોય છે. માટે અંતઃકરણમાં સમજતાં છતાં તથા એવા પ્રકારની ક્રિયાઓ આદર સહીત કરતાં છતાં ઉપરથી વિરૂદ્ધ પ્રરૂપણા કરો છો એ તમોને મિથ્યાત્વથી થયેલ આચ્છાદન જણાવે છે. માટે એ વિષે મનમાં પક્ષપાતનો ત્યાગ કરી વિચારી જો જો એટલે સત્ય ધર્મ શું ? ધર્મની વ્યાખ્યા શું ? વિગેરે સમજાશે.

૭૧ પૃષ્ટમા પ્રકાશ વિષે જે લખો છો તે તમને પોતાનેજ લાગુ પડે છે કારણ કે ઉપરની હકીકતથી જણાય છે કે તમારા નેત્રમાં કોઈ જુદાજ પ્રકારનો દોષ છે કે પ્રત્યક્ષ રીતે તમારી વર્તણુક જે માર્ગ સુચવે છે તે માર્ગ ચક્ષુ– હૃદયચક્ષુ–થી તમે જોઈ શકતા નથી.

૭૨ મા પૃષ્ટના એક પારિગ્રાફમાં તમે લખો છો કે 'હમારો (ઢુંઢીઆનો) મત તમે (તપાગચ્છીય) આધુનિક વખતનો લખો છો વિગરે' અમારૂં લખવું સત્ય છે. કારણ કે તમારો મત હમણાંજ પ્રગટ થયો છે, તમારો આદ્ય ગુરૂ કોઇ નથી, કેવળ સમુર્છિમ છો એ સંબંધી તમારાથી ના પાડી શકાય તેવું નથી અને તે વિષે તમે ના પાડતા પણ નથી. તેને બદલે તમે અમારા પીળા વસ્ત્રને ધારણ કરનાર માર્ગ સંબંધી લખી સૌને તમારી જ્ઞાતિમાં મેળવવા જાઓ છો તે અસત્ય છે. કારણ કે અમારે તો આદ્યગુરૂ છે અને શ્રી મન્મહાવીર સ્વામીથી લઈને આજ પર્યંત અખંડ પટ્ટાવળી ચાલી આવે છે.‡ પરંતુ તમારો મત ચલાવનાર ધર્મદાસને તો કોઈપણ ગુરૂ ન હતો એ તમે પોતે પણ માન્ય કર્યું છે. આગળ તમે લખોછો કે 'જેમ જુના રસ્તામાં ખાડા પડી જાય અને નવો રસ્તો કાઢે તે વીજ રીતે અમારો(ઢુંઢકનો)મત છે,એ દ્રષ્ટાંત જો તમે ખરૂં માનતા હોતો તમારા મતમાં ખાડા પડવાથી ભીખમે નવા રસ્તા રૂપ તેરાપંથ કાઢયો છે તેથી તમારે તે માર્ગ અંગીકાર કરવો જોઈએ તથા તેને સત્ય માનવો જોઈએ. અને જો એ પ્રમાણે નહિ માનો તો ન્યાયી માણસો તો તમને મૃષાવાદી અને ઢંગ ધડા વગરનું બોલનાર અને લખનાર સમજશે. બાકી એટલુંતો ખરૂં છે કે અગ્નિરથની સડકમાં વરસાદ આવવાથી કોઈસ્થળે ખાડા પડી જાય તો તે સમારવામાં આવે પણ ઉન્માર્ગે ગાડી ચલવવા જાય તો તે ઉંધી વળી નુકશાનજ થાય એવી રીતે તમારા ગુરૂઓએ ઊન્માર્ગજ ગ્રહણ કર્યા છે અને તેથી તમને પ્રત્યક્ષ જિનાજ્ઞા ભંગ કરવા રૂપી નુકશાન થયું છે.

વળી તમારા મત પ્રવર્તાવનારને કોઈ ગુરૂ નહતો તેથી તે જૈનરીતિથી વિપરીતજ છે તોપણ તમે એ વાતને વાજબી ઠરાવવા અંગારમર્દનાચાર્યનું દ્રષ્ટાંત આપોછો પરંતુ તે તમનેજ બાધકર્તા છે કારણ કે અંગારમર્દનાચાર્યના શિષ્યોને માથે તો અંગારમર્દનાચાર્ય ગુરૂ વિદ્યમાન હતા કે

‡ શ્રી મન્મહારાજ શ્રી આત્મારામજી કૃત જૈન તત્વાદર્શ ગ્રંથનો પરિચ્છેદ ૧૨ મો જુઓ. તેમાં સંપૂર્ણ પટ્ટાવળી લખેલી છે.

For Private And Personal Use Only

જેને ખોટા જાણી તેઓએ તજી દીધા હતા. પરંતુ ધર્મદાસજીને માથે તો અંગારમર્દનાચાર્ય સમાન ખોટો પણ ગુરૂ નથી કે જેને વોસરાવીને તેમણે સાચો માર્ગ અંગીકાર કર્યો હોય. માટે અમે તમને ગુરૂવિનાના કહીએ છીએ તે સત્ય છે. તે સાથે તમારો મત પણ જૈન સંપ્રદાયનો નથી કિંતુ જુદાજ પ્રકારનો છે કારણ કે જૈન સંપ્રદાયમાં એવો કોઈ પણ નિયમ નથી કે જે નિયમને અનુસરી ગૃહસ્થી ધર્મ ચલાવે, અને તમારો મત ગૃહસ્થીનો ચલાવેલ છે એતો સિદ્ધ છે,× માટે એને જૈનસંપ્રદાયમાં ગણાય નહિ. તમે અંગારમર્દનાચાર્યના શિષ્યોનું દ્રષ્ટાંત લખ્યું તે બત્રીશ સૂત્રોના મૂળ પાઠમાં તો કોઈ પણ સ્થળે નથી અને તમે લખોછો તેથી તમે પ્રતિજ્ઞા ભ્રષ્ટ છો એવું સ્વયમેવ બીજાને દર્શાવો છો; કારણ કે બત્રીશ સૂત્રો મૂળથીજ માનવાની પ્રતિજ્ઞા કરી આગળ પાછળના બીજા શાસ્ત્રોના ઉદાહરણ લખોછો એ ઉપરથી તમે ઉત્સૂત્ર ભાષીછો એવું પણ સાબીત થઈ જાય છે.

તમે લખોછો કે સૂત્રગ્રંથના વખતે નિર્યુક્તિ ગણધરે કરી હોય તો દેખાડો તેને સૂત્ર તુલ્ય માનીયે—નિર્યુક્તિ ગણધર મહારાજે ન કહી હોય તો ગણધર મહારાજના કથન કરેલા ભગવતી, સમવાયાંગ, નંદિ, અનુયોગ દ્વારાદિ સૂત્રોમાં તે સંબંધી પાઠ ક્યાંથી હોય? પરંતુ તે તે સૂત્રોના મૂળ પાઠમાં નિર્યુક્તિ સંબંધી કથન વિદ્યમાન છે.† વિચારો કે નિર્યુક્તિ ગણધર મહારાજે કથન કરી ન હોય તો સૂત્ર ગ્રંથન વખતે ગણધર મહારાજને મૂળ પાઠમાં નિર્યુક્તિ કથન કરવાનું કારણ શું હતું? માટે એતો નિશ્ચય છે કે નિર્યુક્તિ ગણધર મહારાજની કથન કરેલી છે. તમે સિદ્ધાંતપ્રતિના માનવાવાળા નથી પરંતુ તેથી વિપરીત માનવાવાળા છો કારણ કે સિદ્ધાંતમાં લખેલી અનેક વાત તમે માન્ય કરતા નથી, તથા તમે માનેલા બત્રીશ સૂત્રોમાં ન હોય તેવી ઘણી બાબતો માનોછો.* એમ કોઈ પણ પ્રકારનો તમારો નિયમ નથી. પાંચમા આરાના ધુરંધર, ગીતાર્થ, સર્વ વિદ્વાનો જેની પ્રશંસા કરે છે એવા ભદ્રબાહુ સ્વામી, [illegible] વાચક, [illegible] સૂરિ, હેમચંદ્ર[illegible]ક્ષમાશ્રમણ, [illegible] સિદ્ધસેનદિવાકર, જિનભદ્ર ગણી ક્ષમાશ્રમણ, [illegible] ઉપાધ્યાય વિગેરે મહાન પંડિતોના બનાવેલા ગ્રંથો ન માનવા અને જેના દરેક વચન [illegible] વિરોધી, જૈન મતથી વિપરીત, ઉત્સૂત્રથી ભરપુર એવા ધર્મદાસ વિગેરેનું કથન માનવું એ તમારી ખુબી! તમારૂં ડહાપણ! અને તમારી વિદ્વતા! તેની પ્રશંસા કરવા કોણ સમર્થ થાય!!!

દ્રૌપદિ સંબંધિ લખાણનો તમે જે ઉત્તર લખ્યો છે તેમાં તમારી વિદ્વતા કેવી છલકાઈ ગઈ છે એ કોઈ વિદ્વાન પાસે બંને વિષય વંચાવી ખાત્રી કરો એટલે સમજાશે. જરા વિચારો તો ખરા કે સંસારીક કાર્યનું

---

× જૈનતત્વ દર્શ તથા સમક્તિસલ્યોદ્ધારમાંએ સંબંધી હકીકત જુઓ.
† જુઓ સમક્તિ સલ્યોદ્ધાર. પૃષ્ટ ૩૫.
* જુઓ સમકિત સલ્યોદ્ધાર પૃષ્ટ ૨૪.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં પ્રાધાન્ય હોય ત્યાં પણ જેના હૃદયની અંદર ધર્મકાર્ય રમી રહે તે માણસને ધર્મચુસ્ત ગણવો કે તેથી વિરૂદ્ધ ગણવો ? તમે પોતેજ વિવાહને દિવસે ઉપવાસ કર્યો હોય તો તેથી પૂન્ય માનો કે પાપ ? એ ધર્મની દ્રઢતા ગણાય કે અદ્રઢતા ? વળી લખોછો કે 'દ્રૌપદિનું કાર્ય અભયદેવસૂરિએ પણ જ્ઞાતાજીની ટીકામાં સંસારિક હેતુમાં ગવેષ્યું છે' એ તમારૂં લખવું તદન અસત્ય છે. એ પ્રમાણે અભયદેવસૂરિએ જ્ઞાતાજીની ટીકામાં કહ્યુંજ નથી છતાં એમ લખી તમે તમારી નિરંતરની અસત્યવાદી ટેવ–ભોળા લોકોને ફસાવવાની જાળ–સૂચવી છે. જો સત્ય હતું તો સાથે તે પાઠ લખવો હતો.

સૂરિયાભની ક્રિયા પરંપરાની કુલાશ્રિત કહી તેથી પૂન્યબંધન થાય નહિ એમ ઠરાવો છો પણ ભગવંતની પૂજાથી રાયપસેણી સૂત્રમાં પાંચ પ્રકારના ફળ બતાવ્યા છે તેમાં પુન્યબંધ અને મોક્ષફળ બતાવ્યું છે. એવા પાઠ ઉપર ધ્યાન ન આપતા ઉત્તમ અને પુન્ય પ્રાપ્તિના કાર્યોનો, કુળાચારમાં ગણી નિષ્ફળ ઠરાવવા પ્રયત્ન કરોછો એ કેવી વિપરીતતા! આ ઉપરથી એમ સમજાય છે કે તમે પોતે ઢુંઢીઆ છો અને તમારા મત પ્રમાણે પોસહ પ્રતિક્રમણ વિગેરે ક્રિયા કરવી એ તમારૂં પરંપરાનું કુળાશ્રિત કાર્ય છે તો તેથી તમને પોતાને કાંઈ પુન્ય નજ થાય એમ તમારૂં માનવું છે અને તે સાથે કોઈ માણસ પોતાના કુળાશ્રિત પાપકારી કાર્યો કરે તો તેને પાપ પણ ન લાગે. આ તમારા મતના તત્વની બલીહારી !

શ્રાવકને સૂત્ર વાંચવાના નિષેધ સંબંધી તે તે સૂત્રોના પાઠ સમકીત સલ્યોદ્ધારમાં બતાવેલા છે.*

નંદિસૂત્ર સંબંધી તમે જે લખો છો તે કેવળ જૈન સંપ્રદાયથી વિપરીત છે. એ ઉપરથી નંદિસૂત્રને તમે નથી માનતા એમ બતાવી આપો છો. કારણ રત્નની તમને પરીક્ષાજ નથી. નહિ તો અસત્ય બાબત ઉપર ધ્યાન જાયજ નહીં. આવીજ રીતે તમને ફાવ્યુ છે કે જેમાં પોતાને વિરૂદ્ધ પડતી હકીકત આવે કે તે 'નથી માનતા' અથવા 'ખોટું છે' એમ કહી દેવું [illegible] તો પોતાને [illegible] માનશે નહિ. [illegible] [illegible] તદન ખોટું છે. એવા પાઠ હોય તો તમે પ્રગટ કરો એટલે તમારી સત્યતા જણાશે.

चित्तसंज्ञानं नाम्नुपधात्कः ककारोगुणप्रतिषेधार्थः चेततीति चितः चितस्यभावश्चैत्यः આ તમારૂ લખાણ શાસ્ત્રના નિયમથી વિરૂદ્ધ છે કારણ કે ભાવમાં પ્રત્યય લાવી નપુંસકની જગાએ પુંલ્લીગ શબ્દ બનાવી દીધો છે. વ્યાકરણ ભણ્યા વિના આવી પંડિતાઈ શા માટે પ્રગટ કરો છો? ચૈત્ય શબ્દના એકસો બાર અર્થ કયા કોષમાં લખ્યા છે. તેનુ નામ તો લખ્યુ નથી. અમે તમારી પાસે કોષનું નામ અને શું શું અર્થ થાય છે એ સંબંધી ઉત્તર માગ્યો હતો એ ઉત્તર તો તમે આપ્યો નથી. ખેર હવે (૧૧૨) લખ્યા છે તે જો સત્ય હો-

---

* શ્રાવકને સૂત્ર વાંચવાના નિષેધ સંબંધી વિષય જુઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ય તો કોષના નામ સાથે તે સંબંધી તે કોષ મધ્યેનો પાઠ પ્રગટ કરજો. તે સાથે ચૈત્ય શબ્દનો તમે સાધુ અને જ્ઞાન એવો અર્થ કરો છો તે સત્ય હોય તો કોઈ વિદ્વાન વ્યાકરણ શાસ્ત્રી પાસેથી તે સત્યતા સંબંધી લખાવી પ્રગટ કરજો.

સિદ્ધાયતન શબ્દનો અર્થ લખી ઠાણાંગ સૂત્રની સાક્ષી આપો છો એ ખોટું છે કારણ કે ઠાણાંગ સૂત્રને ચોથે ઠાણે સિદ્ધાયતન સંબંધી પાઠ છે તેની વૃત્તિ મધ્યે અભય દેવસૂરિએ એવો અર્થ કર્યો છે કે "सिद्धानि शाश्वतानि सिद्धानांवा शाश्वताना मर्हत्प्रतिमानामायतनानि स्थानानि सिद्धायतनानि. उक्तंच ॥ अंजण गपव्वयाणं सिहरितलेसुहुवं-तिपत्तेयं। अरिहंतायणाइं सीहनिसायाइं तुंगाइं ॥ १ ॥" તમે સત્યછો કે અસત્ય એ આ ઉપરથી વિચારી જો જો. વધારે શું લખવું ? તમારી આવી ગપ્પા મારવાની ટેવથી અમને આશ્ચર્ય થાય છે.

મહિયા શબ્દનો અર્થ સત્ય કરો છો પણ તે પ્રમાણે વર્તતા નથી એટલે ભાવાર્થ સ્વકપોળ કલ્પિત લખોછો જે કે કોઈ પણ જૈન શાસ્ત્રમાં છે નહિ.

સભા કરવા સંબંધી મુદ્દાની વાત છે તેતો ઉડાવી દીધી છે. અમને તો સમતાજ છે. અમે તો એ પ્રમાણે બનશેતો ઘણો સંતોષ થશે એમ જણાવ્યુ હતું પરંતુ મનમાં દગો એટલે તમને સારૂં સુઝતુંજ નથી. જો શુદ્ધ શ્રદ્ધા હોય તો ચર્ચા કરી સત્ય બાબત જાહેરમાં આણવા શું હરકત છે? એવે સમયે વિપરિત વર્તણુંક કોની થાય છે એ [illegible]ીયામાં થયેલી સભા સંબંધી હેવાલ જે ત્યાંના શાસ્ત્રીઓની સહી [illegible] અમે છાપ્યો છે તે વાંચી જોજો.

તમે કરેલા પ્રશ્નોના ઉત્તર નીચે પ્રમાણે—૧ सम्यक्त्केशल्यं सम्यक्त्कशल्यं, सम्यक्त्कशल्यस्योद्धार : सम्यक्त्कशल्योद्धार : આ નામ વ્યાકરણની રીતે ઉપર પ્રમાણે સિદ્ધ થાય છે અને એ નામ સત્ય છે. જેને અસત્ય ભાસે છે તેના બિચારાના કર્મનો દોષ છે કારણ કે સમ્યક્ત અને શલ્ય એ બેને પરસ્પર ભિન્નતા છે એમ તમે લખોછો પરંતુ એવી ભિન્નતાવાળા બે શબ્દોનો એકત્ર ભાવ બહુ સ્થાનકે થાય છે. જેમ દુધ અને ઝેરને ભિન્નતા છે છતાં દુધમાં ઝેર ભરેલું હોય તો दुग्धे विषं એમ કહેવાય છે આવા ઘણાં દ્રષ્ટાંતો છે.

૨ ઉપલા ગુણઠાણા વાળો નય અને અપેક્ષાવડે કરીને નીચલા ગુણઠાણા વાળાને પણ નમસ્કાર કરે. જેમ ગુરૂ नमोलोए सव्वसाहुणं એ પદ કાઢીને પોતાના શિષ્ય સાધુને પણ નમસ્કાર કરે છે.

૩ અમે પ્રતિમાજીને નમસ્કાર કરીએ છીએ તે પોતાના ઈષ્ટદેવનો આરોપ કરીને કરીએ છીએ એ કારણથી અમે અમારાં ઈષ્ટદેવનેજ નમીએ છીએ.

૪ ત્યાગી ભોગીભાવ પ્રતિમામાં છે નહીં. ત્યાગીભોગી ભાવની જે કલ્પના છે તે અમારા મનની છે જ્યારે અમારો સુધારો ત્યાગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવથી થાય ત્યારે ત્યાગી પણાની કલ્પના કરીએ છીએ ને જે વખતે ભોગીભાવથી થાય ત્યારે ભોગીભાવની કલ્પના કરીએ છીએ.

૫ ત્યાગીમાં શ્રેષ્ઠ શ્રી તીર્થંકર ભગવંત છે તેની છદ્મસ્થ, કેવળ અને સિદ્ધ એવી ત્રણ અવસ્થા છે તેમાંની યથાયોગ્ય સમયે યથાયોગ્ય અવસ્થા કલ્પીને તે અવસ્થાને યોગ્ય નિમંત્રણ કરવામાં આવે છે. આગી અવસ્થામાં ભોગની નિમંત્રણ કરવામાં આવતીજ નથી.

૬ વ્રતિ હોય તે વ્રતિનેજ નમસ્કાર કરે અને કોઈ નયને અવલંબીને અવ્રતિને પણ નમસ્કાર કરે.

૭ ભગવંતની સ્થાપનાને અમે નમસ્કાર કરીએ છીએ અને દ્રવ્ય લિંગીને નથી કરતા તેનું કારણ એ છે કે દ્રવ્યલિંગીઓ દુષણે કરીને સંયુક્ત છે.

૮ પ્રશ્ન વ્યાકરણનો પાઠ લખ્યો છે તેનો ભાવાર્થ તમારા હૃદયમાં જે વર્ત્તે છે તેણે કરીને તો તમોજ નરકગામી છો કારણ કે તમે ધનને વાસ્તે, કામને વાસ્તે અને ધર્મને વાસ્તે–ત્રણેને વાસ્તે–હિંસા કરોછો ધર્મને વાસ્તે હિંસા કરોછો તેના દૃષ્ટાંતમાં તો પૂર્વે તમે લખેલા સંતોકબાઇએ ધર્મને વાસ્તે સંઘ કાઢીને હિંસા કરી તથા તમારા સાધુઓ અને આરજાઓ વિહાર કરે છે, નદી ઉતરે છે વિગેરે કાર્યમાં ધર્મને વાસ્તે હિંસા કરે છે. માટે તમારે તો બીજી ગતિનો સંભવજ નથી અને અમે તો સદરહુ પાઠની પૂર્વે લખેલા તે કર્મના અધિકારી જે છે તેને જાણીએ છીએ તેથી અમને તો કાંઇ તે પાઠ બાધક કર્ત્તા નથી.

૯ આચારાંગ સૂત્રનો જે પાઠ લખ્યો છે તેના અર્થ પ્રમાણે તો તમારા સાધુ સાધ્વી, શ્રાવક કે શ્રાવીકા કોઈ સમકિત ધારી નથી એમ સિદ્ધ થાય છે કારણ કે તે પાઠમાં તો સ્પષ્ટ લખ્યું છે કે સમકિતિ જીવ પાપ ન કરે અને તમે તો સૌ પૂર્વોક્ત પ્રકારે તેમજ બીજા અન્ય પ્રકારે પાપ કર્મ કરોછો. અને અમે તો તે પાઠના ભાવાર્થને પંચાંગી અનુસારે જાણીએ છીએ કે તે કેવા સમકિતવાળાની વાત છે તેથી અમારે તે પાઠ બાધકકારી નથી

૧૦ નિક્ષેપા વસ્તુમાં હોય છે અને કોઈ નિક્ષેપા કર્ત્તામાં પણ હોયછે.

૧૧ નિક્ષેપા સ્વયમેવ થાય છે અને કર્ત્તાના બળથી પણ થાય છે.

તમારા લખાણ સંબંધી વિવેચનની અહીં સમાપ્તિ થાય છે. વિશેષ લખવાનું એટલુંજ કે આવા વાદ સંવાદ ફોગટ લખી માસિકપત્રમાં બીજા ઉપયોગી વિષયને અટકાવવા અમે નાખુશ છીએ. માટે ફરીથી તમારે એ સંબંધી લેખી વાદે ન ચડવું. જો મરજી હોય તો સભા કરવા યત્ન કરો જેથી સર્વ શાંતિથી સત્યતા પ્રગટ થાય. તે સાથે તમે પોતેજ વિચાર કરી નિર્મળ દ્રષ્ટિથી અવલોકન કરશો તો સુમાર્ગ પ્રાપ્ત કરવાના ઘણા સાધનછે. તમારા મૂળ પુરૂષે જૈન માર્ગ ઉપર વિપરીત ભાવ થવાથી નવો મત કાઢવા વિચાર ધારેલો અને તે સંબંધે તેણે જૈનપ્રતિમાનો નિષેધ કર્યો. પોતાનો આ હેતુ ફળીભૂત કરવા તેણે કેટલાએક સૂત્રો પણ નિષેધ્યા. સૂત્રો તો સર્વે માન્યજ છે. અમુક સારા અને અમુક નહી સારા એમ કહેવું એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સંપ્રદાયને ઉત્થાપન કરવા જેવું છે. જો હોય તો સર્વે સારા અને માન્યજ હોવા જોઈએ. આમ બીજા સૂત્રો તો નિષેધ્યા પણ પંચાંગીથી તેનું પોકળ ઊઘાડું થાય તેથી તેનો પણ નિષેધ કર્યો જો વિચારશો તો પ્રત્યક્ષ સમજાશે કે નિર્યુક્તિ, ટીકા પ્રમુખ માન્ય નથી એમ કહેનારે તમારા સર્વ સાધુઓ તે વાંચીનેજ મૂળનો અર્થ સમજે છે. એટલુંજ નહિ પણ તે નિર્યુક્તિ, ટીકા પ્રમુખના રચનાર મહા ધુરંધર વિદ્વાનો હતા. આ સર્વે બાબત ધ્યાનમાં ન લેતાં પોતાનો હેતુ સફળ કરવા તે તે ધુરંધર આચાર્યો અને પૂર્વધરની નિંદા સાથે નીર્યુક્તિ પ્રમુખનો નિષેધ કર્યો, એટલેથી પણ સિદ્ધિ થાય તેવું થયું નહીં ત્યારે માનેલા બત્રીસ સૂત્રોમાં જ્યાં જ્યાં તે સંબંધી હકીકત હતી ત્યાં ત્યાં પાઠ ફેરવવા માંડ્યા અથવા વ્યાકરણ, કોષ અને રીતિથી વિરૂદ્ધ અર્થ કરવા માંડ્યા; પણ એ વાત વિદ્વાનો પાસે ચાલતી નથી.

આ સંબંધી પુષ્કળ વિવેચન દ્રષ્ટાંત પુરાવ સાથે સમકિત સલ્યોદ્ધાર અને તેની પ્રસ્તાવનામાં કથન કરેલ બીજા ગ્રંથોમાં છે ત્યાંથી જોઈ લેજો. એટલે બસ થશે.

પ્રત્યક્ષ પુરાવ ત્રણ છે--જ્યાં જ્યાં સભા થાય છે ત્યાં ત્યાં તમારા મતના મુખ્ય પુરૂષોને પાછો પડી નિરૂત્તર-થવું પડે છે-થવું પડ્યું છે. તેના બે ચાર દ્રષ્ટાંત મોજુદ છે જે કે અમે ઘણે સ્થળે દર્શાવી ગયા છીએ.

બીજું ઘણા સુલભ બોધી, ભવભીરૂ પુરૂષો તમારા મતના હોઈને સ્વયમેવ શંકા પડવાથી સૂત્રોમાં કથન કરેલી બાબત વિચારીને—બીજાઓના સમજાવવાથી—તમારો મત ખોટો સમજી તેનો ત્યાગ કરી શુદ્ધ માર્ગ અંગીકાર કરે છે. જેમના નામો જણાવી ગયા છીએ +તમે જાણો છો—અને હાલનો તાજો દાખલો અમારા ગયા અંકમાં પ્રગટ થયો છે.

ત્રિજું જૈન પ્રતિમા અને જૈનમંદિર ઘણા પ્રાચીન વખતના દ્રષ્ટિગત્ત થાય છે જે વખતે કે પૂર્વધર અને ધુરંધર આચાર્યો વિદ્યમાન હતા. એટલુંજ નહિ પરંતુ હમણાં મથુરાના પ્રાચીન સ્થળોમાંથી પ્રાપ્ત થયેલી પ્રતિમાઓના શિલાલેખ વિદ્વાન ઈંગ્રેજ બુલર સાહેબ તરફથી પ્રસિદ્ધ થયેલ છે તે ઉપરથી તે પ્રતિમા મહાવીરસ્વામીના થયા અગાઉની અને તે વખતની સાબીત થાય છે *વિચારો જ્યારે ભગવતના સમયમાં પ્રતિમા હતી અને જૈન મંદિરો હતા ત્યારે સર્વ જૈન સંપ્રદાયોને એ વાત માન્ય છે.

આ સર્વ હકીકત ઉપરથી નિષ્પક્ષપાતપણે સાર ગ્રહણ કરી તમારા હૃદયમાં અંકિત કરજો જેથી કલ્યાણને પાત્ર થશો.

---

× શ્રીમહારાજ શ્રી બુટેરાયજી, મુળચંદજી મહારાજ તથા મુનીરાજ શ્રી આતમારામજી વિગરે.

* જુઓ જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તરમાં ૧૫૬ મું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર.

શત્રુંજયના નકશા—ચિત્રેલા, સુંદર કપડા સાથે છપાઈ તૈયાર થયા છે કિંમત રૂ ૧) પોસ્ટેજ જુદું.

જૈનકલ્પ વૃક્ષ—ઋષભદેવ ભગવંતથી આજ પર્યંત પટ્ટાવલી શ્રી મન્મહારાજ શ્રીઆત્મારામજી (આનંદ વિજયજી) કૃત તે સાથે જેમના અરસામાં જે જે નવા મત પ્રગટ થયા હોય તે સંબંધી પણ વિસ્તાર છે. કિંમત રૂ ૧ા પોસ્ટેજ જુદું.

અઢીદ્વીપ સંબંધી વૃત્તાંત—અઢીદ્વીપ સંબંધી તમામ પ્રકારની ચિત્રો સહીત સમજુતી; ચાર ગતિના જીવોના ભુવન, આયુષ્ય વિગેરેની વિસ્તાર યુકત હકીકત તથા યત્રો અને બીજી કેટલીએક શાસ્ત્રોકત વાતોના સંગ્રહવાળી કિંમત રૂ૨) પોસ્ટેજ જુદું.

એ અને બીજી તમામ પ્રકારની જૈનધર્મની ચોપડીઓ વ્યાજબી કિંમતે અમારી ઓફીસમાંથી મળશે. પરદેશવાળાને ટપાલ રસ્તે મોકલવામાં આવશે.

---

# પુસ્તકની પહોંચ.

સદુપદેશમાળા—નીતિના વિષયો ઉપર જ્ઞાન, ગમ્મત તર્ક અને સદ્બોધ આપનારી વાર્ત્તાઓના સંગ્રહની ચોપડી તેના કર્ત્તા રા. મોતીલાલ મનસુખરામ શાહ તરફથી અમને ભેટ દાખલ મળી તે હર્ષથી સ્વીકારીએ છીએ. આ ચોપડી દરેક મનુષ્યને વાંચવા લાયક છે. દરેક શિક્ષા વિષયો ઉપર સારી રીતે વિવેચને ગર્ભિત વાર્ત્તાઓ નાંખી છે. જેથી વાંચનાર સહેલાઈથી બોધ ગ્રહણ કરી શકે છે છેવટની વાર્ત્તામાં વૈરાગ્ય સંબંધી ઠીક પોષણ કર્યું છે. કિંમત બાર આના છે વિદ્યાર્થી અને લાયબ્રેરીઓને માટે નવ આના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગ્રાહકોને સૂચના.

દર માસે ચોપાનીયું આપના હાથમાં આવે છે છતાં લવાજમ મોકલવાને સાંભરતું નથી એ દિલગીરીની વાત છે. ચાલતા વર્ષનો આ ચોથો અંક બહાર પડયો. તો લવાજમ મોકલવામાં હવે ઢીલ ન થવી જોઇએ. વહેલું મોડું મોકલવું તો છેજ ત્યારે આવા કામમાં આળસ અને પ્રમાદ કરવો એ હાનીકારક છે. વળી આપ જાણો છો કે ચોપાનીયાનો આધાર લવાજમ ઉપર છે.

કેટલાએક ગ્રાહકો પાસે તો એક વરસ ઉપરાંતનું એટલે બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ લેણું છે. તેવા માણસોને શું લખવું? વારંવાર ચોપાનીયામાં સૂચના આપવામાં આવે છે, દરવર્ષે ઉઘરાણીના કાગળ લખવામાં આવે છે છતાં પણ લવાજમ મોકલવાને આંખ ઉઘડતી નથી એ કેવું દિલગીરીકારક કહેવાય. તેવા સાહેબોએ હવે જરૂર ધ્યાનપર લઈ લવાજમ મોકલી આપવું.

તંત્રી


## “એંગ્લો વર્નાક્યુલર પ્રિંટિંગ પ્રેસ.

ઉપરના નામનું છાપખાનું થોડી મુદત થયાં અમોએ અમદાવાદમાં પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં ઉઘાડયું છે, સાંચા, ટાઈપ, વિગેરે તદન સર્વ સામાન નવોજ છે. અમારા પ્રેસમાં ઇંગ્રેજી, ગુજરાતી, બાળબોધી, વિગેરે સઘળું કામ થાય છે. તથા ઘણીજ સારી રીતે અને કીફાયતથી તેમજ માગેલી મુદતમાં કરી આપીએ છીએ. માટે જે સાહેબોને કાંઈ છપાવવું હોય તેમણે નીચે સહી કરનારને મળવું અથવા પત્ર લખવો.

અમદાવાદ. } **નથુભાઈ રતનચંદ મારફતીઆ.**
એંગ્લો વર્નાક્યુલર પ્રિંટિંગ
પ્રેસના માલીક.


For Private And Personal Use Only